IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# NEP -20 માટે શિક્ષક સજ્જતા

ડૉ. મીના આઈ. રાજપૂત

આસી.પ્રોફેસર(શિક્ષણ શાસ્ત્ર),

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલય,અમદાવાદ.

**"સારો શિક્ષક સમજણ આપે છે. ઉત્તમ શિક્ષક નિર્દેશન આપે છે અને મહાન શિક્ષક પ્રેરણા આપે છે."**

**"શિક્ષક બાળકોનું જીવન સફળ બનાવે છે, ભવિષ્યને અજવાળે છે,અંધારામાં શિક્ષણરૂપી અજવાળું આપે છે".**

**"માટીના પૂતળામાં માનવતાના મૂલ્યો સીંચનાર હું શિક્ષક છું."**

ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -2020 નો પ્રારંભ 34 વર્ષ પછી ભારત સરકાર દ્વારા ગઠિત સમિતિમાં ડૉ. કૃષ્ણસ્વામી કસ્તુરીરંગન આ સમિતિના અધ્યક્ષ તરીકે 480 પેજનો 31,મે 2019 રફ ડ્રાફટની ચર્ચા કરવામાં આવી ત્યારબાદ 29 ,જુલાઈ 2020 સમગ્ર અહેવાલનો નીચોડ 60 પેજમાં કરવામાં આવ્યો તેને MHRD દ્વારા વૈધાનિક માન્યતા આપવામાં આવી. MHRDનું નવું નામાભિધાન MINISTRY OF EDUCATION (શિક્ષા મંત્રાલય) કરવામાં આવ્યું તેમજ NHEB બીલ તરીકે મંજુરી આપવામાં આવી.આ રીપોર્ટમાં શિક્ષક માટે શું જરૂરી છે? શિક્ષક કેવી રીતે બને ? આ શિક્ષણ નીતિથી શિક્ષણમાં પરિવર્તન, મોટાપાયે તાલીમી શિક્ષકોની જરૂરિયાત,રોજગારીની તકો ઉભી કરવામાં આવશે. તેમજ અત્યાર સુધીની શિક્ષણનીતિ 1968,1986,1992 અસ્તિત્વમાં આવી અને તેનું અમલીકરણ કરવામાં આવ્યું અને હવે 2020 માં પ્રવર્તમાન શિક્ષણને ધ્યાનમાં રાખીને ઘણા મોટા ક્રાંતિકારી પરિવર્તનો શિક્ષણનીતિમાં કરવામાં આવ્યા છે તેનો અભ્યાસ કરતા પહેલા શિક્ષણ નીતિની શરૂઆતની કેટલીક બાબતો જોઈએ.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -2020 નો મુખ્ય ઉદ્દેશ ભરતના શિક્ષણને વૈશ્વિક સ્તરે લઈ જવું અને શિક્ષણના ક્ષેત્રે દુનિયામાં મહા શક્તિના સ્તરે રહે. બાળકોને ગુણવત્તાલક્ષી શિક્ષણ,તકનીકી શિક્ષણ અને રચનાત્મક શિક્ષણ જેનાથી શિક્ષણની ગુણવત્તામાં સુધાર લાવવાનો મુખ્ય ઉદ્દેશ છે. પ્રથમ શિક્ષણનીતિ -1968 રાધાકિશન કમિટી ઇન્દિરાગાંધીના સમયમાં અસ્તિત્વમાં આવી હતી. દ્વિતીય શિક્ષણનીતિ -1986 દોલત કોઠારી કમીશન રાજીવ ગાંધીના સમયમાં અસ્તિત્વમાં આવી હતી અને 1992 યશપાલ કમિટી જે નરસિંહમારાવના સમયમાં 1986ની શિક્ષણનીતિમાં કેટલાક સુધારા કરીને મુકવામાં આવી હતી જે 10+2+3+2 ના શૈક્ષણિક માળખા મુજબ આજસુધી અસ્તિત્વમાં હતી. વર્તમાન શૈક્ષણિકનીતિમાં ઘણા પરિવર્તનો આપણને તેના અભ્યાસ દ્વારા જાણવા મળ્યા છે. જે 5+3+3+4 શાળા અને ઉચ્ચશિક્ષણ સ્તરના માળખાનો સરકારી અને પ્રાઇવેટ શાળાઓ અને ઉચ્ચશિક્ષણની દરેક પ્રકારની સંસ્થાએ કરવાનો રહેશે (બાળકની 12 વર્ષની ઉંમરમાં શાળા શિક્ષણમા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -2020માં સપૂર્ણ રીતે 203૦ સુધી અમલ કરવાની ધારણા છે સૌવ પ્રથમ કર્ણાટક રાજ્યમાં તેનો અમલ થશે આ શિક્ષણનીતિને ચાર ભાગોમાં વહેચવામાં આવી છે (1)ફાઉન્ડેશન સ્તર(2) પ્રિ.પ્રાયમરી સ્તર (3)મીડલ(મધ્યમ) સ્તર(4) સેકન્ડરી સ્તર આ નીતિના અમલથી શિક્ષણ માટે ઘણી છૂટ અને લાભ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં (MULTIPLE ENTRY & MULTIPLE EXIT) ની જોગવાઈ મુકવામાં આવી છે. અધ્યેતાઓને ગોખણપટ્ટીથી છુટકારો મળશે અને દેશના શૈક્ષણિક વિકાસમાં અહમ ભૂમિકા અદા કરી શકશે.

| ક્રમ | NEPનું શૈક્ષણિકમાળખું | બાળકની ઉંમર | બાળકની કક્ષા | અભ્યાસની વિગતો |
|---|---|---|---|---|
| 1 | ફાઉન્ડેશન સ્તર<br>3વર્ષ થી 5 વર્ષ | 3વર્ષ (શરૂઆત )<br>4વર્ષ<br>5વર્ષ | બાલવાડી<br>1 ધોરણ<br>2 ધોરણ<br>(5 - વર્ષ) | રમત-ગમત<br>ખેલ-કુદ<br>યુનિફોર્મ નથી<br>પરીક્ષા લેવામાં નહી આવે |
| 2 | પ્રીપટરી સ્તર<br>6 વર્ષ થી 5 વર્ષ | 3વર્ષ થી 8 વર્ષ<br>9વર્ષ થી 11વર્ષ | 3 ધોરણ<br>4 ધોરણ<br>5 ધોરણ<br>(3 - વર્ષ) | ઈતર પ્રવૃત્તિઓ<br>નિશ્ચિત અભ્યાસક્રમ<br>માતૃભાષામાં શિક્ષણ<br>(અગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવાની શકવાની છૂટ)<br>યુનિફોર્મ<br>પરીક્ષાની શરૂઆત |
| 3 | મીડલ(મધ્યમ)<br>3વર્ષ થી 5 વર્ષ | 11વર્ષ થી 14 વર્ષ | 6 ધોરણ<br>7 ધોરણ<br>8 ધોરણ<br>(3 - વર્ષ) | કોમ્પ્યુટર શિક્ષણ (કોડીગનું શિક્ષણ)<br>વ્યવસાયલક્ષીશિક્ષણ<br>(સિલાકામ,સુથારીકામ,માળીકામ વગેરે.)<br>ગણિત.વિજ્ઞાન,કોમર્સ,<br>આર્ટસના વિષયો સાથે એક ભારતીય ભાષાનું શિક્ષણ ફરજીયાત (સંસ્કૃત,મૈથલી વગેરે) |
| 4 | સેકન્ડરી સ્તર<br>3વર્ષ થી 5 વર્ષ | 14વર્ષ થી 18વર્ષ | 9 ધોરણ<br>10 ધોરણ<br>11 ધોરણ<br>12 ધોરણ<br>(4 - વર્ષ) | સેમિસ્ટર પદ્ધતિથી પરીક્ષા<br>(દરેક 6માસ)<br>સાયન્સ,કોમર્સ,આર્ટસ મુજબના કોઈ પણ વિષય લેવાની છુટછાટ ગમે તે વિષય લેવાની છૂટ. ગમે તે એક ફોરેન ભાષાનું શિક્ષણ,<br>સ્વ મુલ્યાંકન ,મિત્રો દ્વારા અને સહપાઠી દ્વારા કરવામાં આવે. |
| 5 | સ્નાતક<br>1 સર્ટીફીકેટ<br>2 ડીપ્લોમાં<br>3 સ્નાતક<br>4 રીસર્ચ | (4 વર્ષ) | પ્રથમ વર્ષ<br>દ્વિતીય વર્ષ<br>તૃતીય વર્ષ<br>ચતુર્થ વર્ષ<br>(3-વર્ષ અથવા 4-વર્ષ) | સર્ટીફીકેટ<br>ડીપ્લોમાં<br>સ્નાતક ડીગ્રી<br>સ્નાતક રીસર્ચ<br>પુનઃપ્રવેશની વ્યવસ્થા<br>જેમાં એક વર્ષ કે બે પૂર્ણ કર્યા પછી અભ્યાસ અધુરો રહે તો અધ્યેતા પોતાનો અભ્યાસ જ્યાંથી અધુરો હોય ત્યાંથી પૂર્ણ કરવાની વ્યવસ્થા. |
| 6 | બી.એડ્. | 4 વર્ષ અથવા<br>બે વર્ષ | | 1. ઈન્ટીગ્રેટેડ(સંકલિત) એટલે ધોરણ-12 પછી ત્રણવર્ષ સ્નાતક અને<br>એક વર્ષ બી.એડ્.(4 વર્ષની પદવી)<br>2. સ્નાતકની પદવી મેળવ્યા બાદ બે વર્ષ<br>3. NEPમાં દૂરવર્તી શિક્ષણ દ્વારા ઇન સર્વિસ બી.એડ્.નો ઉલ્લેખ કરવામાં આવેલ છે જે બે વર્ષનું ઇન સર્વિસ બી.એડ્. છે |
| 7 | અનુ સ્નાતક | (1 અથવા 2 વર્ષ) | પ્રથમ વર્ષ<br>દ્વિતીય વર્ષ | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | (1 અથવા 2 વર્ષ) | 1 સ્નાતક ડીગ્રી પ્રાપ્ત કરેલ હોય તો અનુસ્નાતક માટે બે વર્ષનો શૈક્ષણિક અભ્યાસક્રમ પૂર્ણ કરવો<br>2 સ્નાતક રીસર્ચ ડીગ્રી પ્રાપ્ત કરેલ હોય તો અનુસ્નાતક માટે એક વર્ષનો શૈક્ષણિક અભ્યાસક્રમ પૂર્ણ કરવો |
| 8 | M.PHIL | બંધ કરવામાં આવેલ છે . | | |
| 9 | PH.D. | 4 વર્ષ | | |

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -2020 ના શાળા અને ઉચ્ચ શિક્ષણના માળખાની સમજ મેળવી તેમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું તેવી રીતે શિક્ષક-પ્રશિક્ષણમાં ધણા ફેરફારો સૂચવવામાં આવ્યા છે તાલીમી શિક્ષકોની મોટા પ્રમાણમાં જરૂરિયાત ઉભી થવાની છે. જેને ધ્યાને લેતા શિક્ષકો માટે સ્નાતક,બી.એડ્.પછી TAT ફરજીયાત થશે આ શિક્ષણનીતિમાં માતૃભાષા ,ભારતીય ભાષા અને ફોરેનની ભાષાનો ઉલ્લેખ થયેલ છે જેના માટે ભાષા શિક્ષકોની ભરતી,તાલીમ વગેરે માટે મોટાપાયે નિષ્ણાતોની જરૂરિયાત ઉભી થવાની છે હાલ તેના ઉકેલ સ્વરૂપે જે શિક્ષકો નિવૃત થયેલ હોય તેવા શિક્ષકોના જ્ઞાનનો લાભ લેવામાં આવશે. વોકેશનલ શિક્ષણ માટે 2025 સુધી 50% ધોરણ-6,8 ના અધ્યેતાઓને દયાને રાખીને માટીકામ,સુથારીકામ,માળીકામ વગેરે જેવા બુનિયાદી શિક્ષણને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. જે બાળકો શિક્ષણથી વંચિત છે કે શિક્ષણ તેમના સુધી પહોચ્યું નથી પરિણામે અપવ્યય અને સ્થગિતતાના પ્રમાણ વધવાને પૂર્ણ રીતે ઘટાડવાનો આ શિક્ષણનીતિ દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યો છે નેશનલ એજ્યુકેશન ટેકનોલોજી ફોરમ તૈયાર કરી તેનો ભરપુર ઉપયોગ કરવામાં આવશે.નવું મુલ્યાંકન સેન્ટર પરખ ખોલવામાં આવશે અને તેના માટે  કમિટીની રચના કરવામાં આવશે. 2009 NCFTE (NATIONAL CURRICULUM FRAMWORK FOR TECHER EDUCATION) રચના કરવામાં આવી તેને 2021-22માં ગતિશીલ  બનાવવામાં આવશે નવા ટેકનોલોજીના ઉપયોગ સાથેના અભ્યાસક્રમ ઇ-લર્નિંગ વધારેમાં વધારે ભાર આપવામાં આવશે જેથી અધ્યેતા પુસ્તકો પર ઓછો  નિર્ભર રહે. તેમજ ખાસ દિવ્યાંગ અધ્યેતાના અભ્યાસક્રમમાં ફેરફાર કરવામાં આવશે તેમજ સાઇન લેગ્વેઝને પ્રાવધાન આપવામાં આવશે. ટેકનોલોજીથી સજ્જ વર્ગખંડમાં બી.એડ્. અને TAT પૂર્ણ કરેલ જ્ઞાનથી ,ટેકનોલોજીથી, વિષયવસ્તુનું તલસ્પર્શી જ્ઞાનથી સજ્જ એવા શિક્ષકોની ભરતી કરવામાં આવશે. સરકારી કે પ્રાઇવેટ શાળામાં બી.એડ્.ની પદવી કે TAT  સિવાય શિક્ષક તરીકે નિમણુક કરવામાં આવશે નહી આ શિક્ષણનીતિ અંતર્ગત ચાર કાઉન્સિલો : 1 નેશનલ હાયર એજ્યુકેશન રેગ્યુલેટરી કાઉન્સિલ 2. હાયર એજ્યુકેશન કાઉન્સિલ 3. જનરલ એજ્યુકેશન કાઉન્સિલ અને 4. નેશનલ એક્રીડીટેશન કાઉન્સિલની રચના કરવામાં આવશે.

શિક્ષક સજ્જતા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ 2030 સપૂર્ણ રીતે થવા જઇ રહી છે ત્યારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ  માળખાને અનુસંધાને શિક્ષક,અધ્યેતા,અભ્યાસક્રમ એટલે કે શિક્ષણના ત્રણ ધ્રુવોમાં ક્રાંતિકારી પરિવર્તનો સાથે સ્વીકારવા અને તેના માટે સજ્જ થવા પર ભાર મુકવામાં આવ્યો છે તેના ભાગરૂપે શિક્ષકની જવાબદારી કેન્દ્ર સ્થાને જોવા મળે છે. તેથી શિક્ષકને સજ્જ થવું એટલે શિક્ષકે પોતાની લાયકાત પ્રથમ દ્રષ્ટિએ યોગ્યતા ધરાવતા હોવા જોઇએ  અધ્યેતા  માટે વાચન લેખન અને ગણન કૌશલ્યોએ બધા જ પ્રકારના શાળાકીય શિક્ષણ અને વ્યક્તિના જીવન દરમ્યાન અધ્યયન અને મૂળભૂત જરૂરિયાત સ્થાનિક અને ભારતીય ભાષાઓ ઉચ્ચ ગુણવત્તાને ધ્યાનમાં લેવામાં બાળકો કૂપોષિત અથવા અસ્વસ્થ હોય તેમજ તેમની રોગપ્રતિકારક શક્તિને વિકસાવવા માટેના શ્રેષ્ઠતમ માર્ગો ઊભા કરવા શિક્ષણનું સાર્વત્રીકરણ સુનિશ્ચિત કરવા માટે જેટલો નોંધણી માટેના  ગુણોતરને પ્રાપ્ત કરવા લક્ષ્ય સાથે ઘણી બધી યોજનાઓ દ્વારા પ્રયાસ કરવામાં આવશે. નવી શિક્ષણનીતિ મુજબ અભ્યાસક્રમનું માળખું પ્રસ્થાપિત કરીને તેને પૂરી રીતે તેની અમલવારી માટેના દરેક પ્રયત્નો સુનિશ્ચિત કરવામાં આવશે. સાથે સાથે પ્રાયોગિક વિષયો અને પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે દ્વારા અધ્યેતાઓનો સર્વાંગી વિકાસ કરવામાં મદદરૂપ થાય શિક્ષણ NCERT અને ત્યારબાદ NCFSE ને

ધ્યાને લઇ તાત્કાલિક અભ્યાસક્રમમાં ફેરફાર અમલમાં લાવવાનો રહેશે. સાથે સાથે અદ્યતન ટેક્નોલોજીનો બહોળો ઉપયોગ અમલમાં લાવવાનો રહેશે. શાળામાં શિક્ષણનું હકારાત્મક વલણ, વાતાવરણ માટે શિક્ષક-પ્રશિક્ષણ વ્યવસ્થા દ્વારા શિક્ષકો, આચાર્યોને તાલીમની અસરકારકતા વધારવામાં આવશે. સમાજમાં દરેક વર્ગ અને દરેક વ્યક્તિને સમાન શિક્ષણની તકો અને વ્યવસ્થા માટે દરેક પ્રકારની યોજનાઓનો અમલ કરવામાં આવશે ત્યારબાદ મહત્વની બાબત દરેક બાબતની યોજના તાલીમ, વ્યવસ્થાનો અમલ થયા બાદ તેની કાર્યક્ષમતા અને અસરકારક બાબતોનો પૂર્ણ રીતે આયોજનપૂર્વક કાર્ય કરે તેની તકેદારી રાખવામાં આવશે. આયોજન બાબતોને નીતિ નિયમો મુજબ ચલાવવા માટે તેના દ્વારા ધોરણો અંકે પ્રમાણિતકરણની ચાલે તે ખૂબ જરૂરી હોય તેને પ્રાથમિકતા રાખી કાર્ય કરાવવામાં આવશે. આ બાબતોને સફળ બનાવવા માટે શ્રેષ્ઠતમ વાતાવરણ અને અભ્યાસક્રમમાં પ્રાયોગિકકાર્ય અને પ્રવૃત્તિઓને મહત્વનું સ્થાન પ્રદાન કરવામાં આવશે અને કુદરતી સ્ત્રોતોનો શિક્ષણમાં પૂર્ણ રીતે ઉપયોગી બનાવવામાં આવશે અને દરેક બાબતોને યોગ્ય માર્ગે વાળવા માટે યોગ્ય સંસ્થાઓ અને અધ્યાપકોને પુરસ્કાર, બઢતીઓ, શ્રેષ્ઠતાને વધુ પ્રોત્સાહન પૂરું પાડવામાં આવશે. શિક્ષણમાં ગતિશીલતાના લાવવા માટે યોગ્યતા ધરાવતી સંસ્થાઓને યોગ્ય સરકારી ભંડોળ તેમજ SEDS સંસ્થાકીય વિકાસ આયોજન વિકસિત કરી વિશિષ્ટ યોજનાનો વિકાસને પ્રોત્સાહન આપવું. ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમો માટે તાલીમી સંસ્થાઓને યોગ્ય તાલીમ આપવામાં આવશે. વ્યવસાયિક શિક્ષણ નબળી ગુણવત્તા સભર બનાવવા માટે વ્યવસાયિક વિદ્યાશાળાને રાષ્ટ્રીય કૌશલ્યો લાયકાતનું માળખું યોગ્ય અને વિગતવાર બનાવવામાં આવશે અને નવી શિક્ષણનીતિમાં ક્રેડીટ આધારિત માળખામાં વ્યવસાયિક શિક્ષણ તરફની ગતિશીલતા વધારશે. શિક્ષણક્ષેત્રે સંશોધનને પ્રાથમિકતા આપી ભારતમાં પ્રવર્તમાન સમયના સંશોધન અને નવીનતા ખૂબ મહત્વની છે. વિશ્વના શ્રેષ્ઠ સંશોધન બહુવિધા શાળાકીય વિશ્વ વિદ્યાલયની પરિસ્થિતિઓમાં થયા છે. સંશોધન ક્ષેત્ર અનુદાન પ્રાપ્ત કરાવવા બાબતે તકનીકી વિભાગ, તબીબી, ઐતિહાસિક દરેક ક્ષેત્રોમાં ખૂબ ઉત્કૃષ્ટ સંશોધકો અને નવસર્જકો સામેલ કરી અને વિવિધ વિદ્યાશાળાઓમાં પ્રતિસ્પર્ધાત્મક સહભાગીતા દરેક માટે અનુદાન પ્રાપ્ત કરાવવું. ઉચ્ચ શિક્ષણમાં નિયમનકારીમાં પરિવર્તન અને અસરકારકતા, પ્રશાસન અને નેતૃત્વ BOG ની રચના કરવામાં આવશે. તેનો નિષ્પક્ષ વિચારોને ધ્યાનમાં રાખવામાં આવશે એવી પરિકલ્પના કરાવવામાં આવી છે

ઓનલાઈન અને ડીઝીટલ શિક્ષણ માટે NETF, CEIT, NIOS, INGNOU, IITS, NITS વગેરે જેવી એજન્સીઓ દ્વારા અજમાયશી અભ્યાસો કરીને તેમાં સુધારા કરવામાં આવશે. ડીઝીટલ સાધનોની મર્યાદાઓને ધ્યાને લઇ તેની પૂર્ણ સુવિધા કરાવવામાં આવશે. શિક્ષકો માટે તાલીમી પ્રોત્સાહન ઓનલાઈન મૂલ્યાંકન અને પરીક્ષાઓ નિશ્રિત અધ્યયન પ્રતિમાન અને ધારાધોરણોની સ્થાપના કરવાની રહેશે. કારણ કે રાષ્ટ્રની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સ્વાસ્થયની જવાબદારી શિક્ષકની છે ત્યારે શિક્ષકે અધ્યેતાના Guide, Friend And Philosopher તરીકેની ભૂમિકા અદા કરવી જોઈએ. શિક્ષણ એ શૈક્ષણિક વ્યવસાય જ છે. શાળામાં અધ્યેતા ‘empty mind’ સાથે આવતો નથી, કારણ કે વિવિધ માધ્યમો ટીવી, રેડિયો, News Paper અને Movie દ્વારા અનેકવિધ જ્ઞાન પિરસાઈ રહ્યું છે. ત્યારે અધ્યેતાઓ વિવિધ પ્રશ્નો, મૂંઝવણ અને શીખવાના ઉત્સાહ સાથે શાળાએ આવે છે. આવા સંજોગોમાં શિક્ષકે માત્ર માહિતીના મશીનગનથી અધ્યેતાઓના માનસિક ભારને વધારવાનો નથી, પરંતુ વર્ગખંડમાં એવું વાતાવરણ ઊભું કરવાનું છે જેમાં અધ્યેતા જાતે શીખતો થાય એટલે કે શિક્ષકે અહીં Facilitator તરીકે વર્તવાનું છે. તેના માટે શિક્ષકે ચીલાચાલુ Lecture Methodના બદલે પ્રોજેક્ટ, ચર્ચા, Group Work, ક્ષેત્રિય મુલાકાત, પ્રવાસપદ્ધતિ સ્વીકારવી જોઈએ. દા.ત. “આપણા વ્યવસાયકાર’ પાઠમાં Picture ની મદદથી ‘કુંભાર’ની માહિતી આપવાને બદલે કુંભારના ઘરે અધ્યેતાઓને લઈ જવા અને નિરીક્ષણ અને જાતઅનુભવથી અધ્યેતાઓ કુંભારનું કાર્ય, ઉપયોગ થતાં સાધનોથી વાકેફ બને અને તે જ્ઞાન ચિર સ્થાયી બનાવે. જો શિક્ષક Facilitator તરીકે વર્તશે તો અધ્યેતાઓમાં શીખવાનો ઉત્સાહ અનેરો જોઈ શકાય છે.

આદર્શ શિક્ષક બનવા 'સજ્જતા' પ્રાપ્ત કરવી જરૂરી છે. જેમાં હકારાત્મક વિચારો, બાળ મનોવિજ્ઞાનનો અભ્યાસ, પ્રયોગાત્મક શિક્ષણ અને પ્રોત્સાહનરૂપી માર્ગદર્શન જેવા તમામ પાસા સાથે નિપુણ હોવું જરૂરી છે. એક વાત શિક્ષકે સમજવી જોઇએ કે અધ્યેતાઓની એકાગ્રતાનો ગાળો ઓછો હોય છે માટે તેને પ્રવૃતિ સાથેનું શિક્ષણ સૌથી શ્રેષ્ઠ સાબિત થયું છે. શિક્ષક દરેક ક્ષેત્રે 'ઓલરાઉન્ડર'ની ભૂમિકા માટે સજ્જ રહેતો હોવો જોઇએ

**<u>વિનોબા ભાવેના મતે શિક્ષકના ત્રણ ગુણો</u>**

**"શિક્ષક શીલવાન, પ્રજ્ઞાવાન અને કરુણાવાન હોવો જોઈએ. શીલવાન સાધુ હોય છે. પ્રજ્ઞાવન જ્ઞાની હોય છે. અને કરુણાવાન હોય છે. શિક્ષકમાં આ ત્રણે ગુણો અનિવાર્ય છે."**

**<u>પૂ. રવિશંકર મહારાજના મતે શિક્ષકના ત્રણ ગુણો</u>**

**"સાચા શિક્ષક માટે ત્રણ ગુણ આવશ્યક છે, જ્ઞાન, કર્મ અને ભક્તિ. ત્રણે માર્ગોનો સંગમ એના પંથમાં હોવા જોઈએ".**

---